।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ક્રેશ કોર્ષ**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(30)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. કિરિયાહિં **કાઈયાએ અહિગરણિયએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

૨. ન ફાસિયં **ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં ન સોહિયં** ન આરાહિયં

૩. ખામેમિ **ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ** પડિક્કમામિ

૪. ધિજ્જં **વિસાસિયં સમયં અણુમયં બહુમયં** ભંડ

૫. અભિનિવેશિક મિથ્યાત્વ **સાંશયિક મિથ્યાત્વ અણાભોગ મિથ્યાત્વ લૌકિક મિથ્યાત્વ લોકોત્તર મિથ્યાત્વ** કુપ્રાવચન

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૬)**

૧. જાણીપ્રીછી **જાણીને, ઓળખ્યા છતાં ય**

૨. જં ખંડિયં **જે કાંઈ ખંડના કરી હોય**

૩. મોસોવએસે **ખોટો ઉપદેશ, ખોટી સલાહ આપવી**

૪. મોહરિએ **જેમ તેમ નિરર્થક બોલવું**

૫. લોગ પજ્જોયગરાણં **લોકમાં જ્ઞાનનો પ્રકાશ કરનારા**

૬. નમંસામિ **પંચાંગ નમાવી નમસ્કાર કરું છું.**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો.** **(૬)**

૧. સૂત્ર, સિદ્ધાંત **આગમે** ૨. દાન આપી અહંકાર કર્યો હોય **મચ્છરિયાએ**

૩. અપ્રતિહત **અપ્પડિહય** ૪. પાર ઉતાર્યું ન હોય **ન તીરિયં**

૫. ભાવથી પૂજાયેલા **મહિયા** ૬. ભલી દષ્ટિથી જોયા છે **સુદિટ્ઠ**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૮)**

૧. યોગ એટલે શું? **ક્રિયા કરવાના સાધનને યોગ કહે છે.**

૨. નિંદામિ કોને કહે છે?

**પાપ દોષોનું સેવન થયું હોય તો પોતાના આત્માની સાક્ષીએ આલોચના કરવી, નિંદા કરવી.**

૩. સંજ્ઞા એટલે શું? **આપણી મોહયુક્ત ઈચ્છાઓને સંજ્ઞા કહે છે.**

૪. કોઈપણ ત્રણ તેઈન્દ્રિયના નામ લખો. **કીડી, મંકોડા, ધનેડાં, જૂ, લીખ.**

૫. બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ કેટલા છે? **બાહ્ય પરિગ્રહ નવ પ્રકાર, આભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકાર.**

૬. આગાર એટલે શું? તે કેટલા છે? **છૂટ, તે ૧૩ આગાર છે.**

૭. ખંડના કોને કહેવાય છે? **વ્રતનો એક દેશથી ભંગ થાય.**

૮. મૃષાવાદ એટલે શું? **અસત્ય બોલવું.**

**(30)**

**પ્ર.૨ તત્ત્વ/સંસ્કાર વિભાગના આધારે**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. અંતરાય કર્મ એટલે શું? **વસ્તુ અને તેની પ્રાપ્તિ વચ્ચે જે અંતર પડે, કોઈપણ કાર્યમાં વિઘ્ન આવે તે.**

૨. આત્મ સ્વરૂપના છ બોલમાંથી પહેલા બે બોલ લખો. **આત્મા છે, આત્મા નિત્ય છે.**

૩. ૩૫ બોલમાંથી ૭, ૧૭, ૨૧, ૨૭ મા બોલના માત્ર નામ લખો.

**૭ મે બોલે શરીર પાંચ, ૧૭ મે બોલે લેશ્યા છ, ૨૧ મે રાશિ બે, ૨૭ મે નિક્ષેપ ચાર.**

૪. સફળતાની ચાવીનો સાતમા, આઠમા, નવમા ઉપાયનો માત્ર મુદ્દો લખો.

**૭) દઢ સંકલ્પ ૮) શિસ્ત ૯) ધીરજ.**

૫. લોક કયા છે? **અધોલોક, ઉર્ધ્વલોક, તિર્ચ્છાલોક.**

૬. પુણ્ય કોને કહે છે? **જે કાર્યનું ફળ સુખ સ્વરૂપે ભોગવાય.**

૭. ગતિ કેટલી છે? કઈ? **ચાર. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતા.**

૮. પૃથ્વીકાયનું આયુષ્ય અને કુળ લખો. **જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૨૨૦૦૦ વર્ષ. કુળ ૧૨ લાખ ક્રોડ.**

૯. વિનય એટલે શું? **જે ક્રિયા જીવને આત્મશુદ્ધિ તરફ દોરી જાય છે તેને વિનય કહે છે.**

૧૦. જ્ઞાનવૃદ્ધિના છેલ્લા બે બોલ લખો. **૧૦) મનને વશમાં રાખવાથી ૧૧) તપ–ત્યાગ આદિ કરવાથી.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. મોક્ષમાં જવાની ...... વિનાના જીવોને ...... કહે છે. **યોગ્યતા, અભવી**

૨. ...... દ્વીપમાં મનુષ્યને રહેવાના ક્ષેત્ર ...... છે. **અઢી, ૧૦૧**

૩. ૮૪ ભેદ ...... ના અને ૬૭ ભેદ ...... ના છે. **અક્રિયાવાદી, અજ્ઞાનવાદી**

૪. વિનય ...... તપ છે. **આભ્યંતર**

૫. છ પ્રકારના ...... ના સમૂહને ...... કહેવામાં આવે છે. **જીવો, છ કાય**

૬. પઢમં ...... તઓ ...... એટલે કે પ્રથમ ...... પછી ...... . **નાણં, દયા, જ્ઞાન, દયા**

૭. આખું વિશ્વ ...... થી ભરેલું છે. **કાર્મણ વર્ગણાઓથી**

૮. ...... પરમાત્માના HAPPY BIRTHDAY ને ...... કહેવાય છે. **તીર્થંકર, જન્મ કલ્યાણક**

૯. ...... ગળવા માટેના કપડાને ...... કહે છે. **પાણી, ગરણું**

૧૦. પાંચમા તત્ત્વનું ...... અને પાચમા કર્મનું નામ ...... છે. **આશ્રવ તત્ત્વ, આયુષ્ય**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. તિર્યંચ ગતિમાં જ્ઞાન છે પણ સમજણ નથી. **ખોટું. તિર્યંચ ગતિમાં જ્ઞાન નથી સમજણ નથી.**

૨. ઉત્તરાસંગ એટલે ખેસ. **સાચું.**

૩. આત્માને કોઇ આકાર નથી. **સાચું.**

૪. તિથિની ગણતરી સૂર્યભ્રમણ અનુસાર થાય છે. **ખોટું. તિથિની ગણતરી ચંદ્રભ્રમણ અનુસાર થાય છે.**

૫. સિદ્ધ ક્ષેત્રની સ્થિતિ સાદિ અનંતકાળ છે. **ખોટું. સિદ્ધ ક્ષેત્રની સ્થિતિ અનાદિ અનંતકાળ છે.**

**(૪) જોડકા જોડો.** **(૫)**

| **(અ)** | **(બ)** | **જવાબ** |
|---|---|---|
| ૧. રોમાનિયા | ૧. ભગવાન મહાવીર સ્વામી | **૪. પત્થરો** |
| ૨. અનેકાંતવાદ | ૨. ૧૨૧ વર્ષ પહેલા | **૧. ભગવાન મહાવીર સ્વામી** |
| ૩. જગદીશચંદ્ર બોઝ | ૩. લોકોત્તર પર્વ | **૨. ૧૨૧ વર્ષ પહેલા** |
| ૪. હોળી | ૪. પત્થરો | **૩. લોકોત્તર પર્વ** |
| ૫. પર્યુષણ પર્વ | ૫. લૌકિક પર્વ | **૫. લૌકિક પર્વ** |

**(૨૬)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૧૦)**

૧. નેમકુમારના ભાઈનું નામ લખો. **રહનેમિ**

૨. કૃષ્ણ વાસુદેવને કૂતરીના દાંત કોના જેવા લાગ્યા? **દાડમની કળી**

૩. શાંતિનાથ ભગવાનનો પૂર્વનો ત્રીજો ભવ કયો હતો? **મેઘરથ રાજા**

૪. નયસાર સુથાર ક્યાં ગામમાં રહેતો હતો? **પ્રતિષ્ઠાન**

૫. કમઠ તાપસ મૃત્યુ પામીને શું બન્યા? **મેઘમાળી**

૬. પૂર્વભવનું યાદ આવવું એટલે શું? **જાતિસ્મરણ જ્ઞાન**

૭. ઋષભદેવ ભગવાનના પૂર્વભવમાં તપસ્વી મુનિરાજ કયા રોગથી પીડાતા હતા? **કુષ્ઠ રોગ**

૮. મરિચીના શિષ્યનું નામ શું હતું? **કપિલ**

૯. આ અવસર્પિણીના પ્રથમ બળદેવનું નામ શું હતું? **અચલ**

૧૦. ગજસુકુમાલ મુનિના માથા પર અંગારા કોણે મૂક્યા? **સોમિલ**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૧૦)**

૧. આને આપણી દીકરી ગણીને રાખજે. **ધનાવહ શેઠ મૂળા શેઠાણીને કહે છે.**

૨. સિંહ પેદલ છે, હું રથી છું. **ત્રિપૃષ્ઠ વાસુદેવ મનમાં વિચારે છે.**

૩. આ બધું મેં ક્યાંક જોયું છે. **આર્દ્રકુમાર મનમાં વિચારે છે.**

૪. હે કબૂતર! તું ભય પામીશ નહિ. **મેઘરથ રાજા કબૂતરને કહે છે.**

૫. ધર્મ મારી પાસે પણ છે, ધર્મ ત્યાં પણ છે. **મરિચી કપિલ શિષ્યને કહે છે.**

૬. ભૂલેચૂકે પણ ભગવાનની વાણી સાંભળીશ નહિ. **રોહિણેય ચોરના પિતા રોહિણેય ચોરને કહે છે.**

૭. તારા પૂર્વજન્મને યાદ કર. **ભગવાન મેઘ મુનિને કહે છે.**

૮. મારી દીકરીને વિના કારણે છોડીને આ સાધુ બની ગયો. **સોમિલ બ્રાહ્મણ મનમાં વિચારે છે.**

૯. રાજપુત્રો તો હાથી, ઘોડા ખેલાવી જાણે છે. **કમઠ તાપસ લોકોને કહે છે.**

૧૦. હું કેવી અભાગી? **ચંદનબાળા મનમાં વિચારે છે.**

**(૩) વાર્તાના આધારે કોઈપણ ત્રણ વાર્તાના બોધપાઠ પોતાના શબ્દોમાં લખો. (બે મુદ્દા)** **(૬)**

૧. નેમ રાજુલ  ૨. ગજસુકુમાલ  ૩. મરિચી  ૪. આર્દ્રકુમાર  ૫. મેઘકુમાર

**HOME WORK**

પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઇ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે! આ લક્ષ ચોરાશી તણાં ફેરા ફર્યા.

૨. એકસો ને સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ,
ધન્ય મોટા પ્રભુજી, તેમને નમાવું શીશ,
કેવળી દોય ક્રોડી, ઉત્કૃષ્ટ નવ ક્રોડ,
મુનિ દોય સહસ્ત્ર ક્રોડી, ઉત્કૃષ્ટ નવ સહસ્ત્ર ક્રોડ.

૩. પાપ ભરેલું જીવન આખું, આરંભનો નહિ પાર,
મમતા મારી અજબ ગજબની પરિગ્રહની વણઝાર,
આરંભ પરિગ્રહ ક્યારે ઘટે, પહેલો મનોરથ ક્યારે ફળે.

૪. રાત્રિભોજન ના કરજે, થાળી ધોઈને પીજે,
નોનવેજ હોટ્રલમાં તો ક્યારેય ના જજે,
ખાવા માટે ના જીવજે, જીવવા માટે ખાજે.

૫. પતંગ હવે ચડાવીશ નહીં, ને હોળી કદી રમીશ નહિ,
ફટાકડાં તો ફોડીશ નહિ, ને ઘોંઘાટ કદી કરીશ નહિ,
વિનય–વિવેકપૂર્વક રહી સહુના દિલ જીતવા છે.

૬. છત્રીસ ગુણોથી શોભતા આચાર્ય દેવ છે,
શાસનના વાહક એ તો અનુશાસક છે,
સંઘનું સંચાલન કરતા ધર્મદેવ છે.

૭. વડીલોને બેક એન્સર ના આપીશું
મિત્રો સાથે વિવાદ ના કરીશું
ગુરુજનો સાથે, નમ્રતાથી બોલીશું
આજ્ઞાને તહત્તિ કહી શિરે ચડાવીશું.

જય – જિનેન્દ્ર